# બનાસકાંઠાના પ્રાથમિક શાળાના શિક્ષકોની પગાર ગ્રેડ અને બઢતીના અન્યાય સામે રજૂઆત

## બનાસકાંઠા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના બેનર તળે આવેદનપત્ર અપાયું

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં લેવાયેલા કેટલાક




નિર્ણયોથી પ્રાથમિક શાળાના શિક્ષકોને અન્યાય થયો છે. જેની સામે રાજ્યભરના શિક્ષકોમાં રોષની લાગણી ઉદભવવા પામી છે. જ્યાં બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ પણ સોમવારે બનાસકાંઠા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના બેનર તળે આવેદન આપી ન્યાયની માંગણી કરી હતી.

બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોએ સોમવારે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના બેનર તળે તંત્રને આવેદન આપ્યું હતુ. જેમાં જણાવાયું હતુ કે, તારીખ ૨૬-૦૬-૨૦૧૯ના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષકોને કેળવણી નિરીક્ષક તરીકે મળતું પ્રમોશન રદ કરવાનું જાહેર કરાયું છે. જેનાથી શિક્ષકોને મળતા ઉચ્ચત્તર પગાર ધોરણમાં ૪૨૦૦ ગ્રેડ- પેના બદલે છઠ્ઠા પગાર પંચ મુજબ ૨૮૦૦ ગ્રેડ- પે આપવાનું નક્કી કરેલ છે.

કેળવણી નિરીક્ષકનો હક છીનવાઈ જવો અને ઉચ્ચત્તર પગારધોરણમાં થયેલ આર્થિક નુકશાન આ બંને અન્યાયી નિર્ણયો શિક્ષકોના મોટા સમૂહને ખુબ જ ઘાતક રીતે અસર કરી રહ્યા છે. આ ઉપરાંત કેળવણી નિરિક્ષકની બઢતી માટે એચટાટ મુખ્ય શિક્ષક લાયકાત ધરાવે છે. તેવી સમાન કક્ષાની લાયકાત પ્રાથમિક શિક્ષક પણ ધરાવે છે. જેથી કેળવણી નિરિક્ષકની જગ્યા ઉપર માત્ર એચટાટ મુખ્ય શિક્ષકને બઢતી મળે તે યોગ્ય નથી. પ્રાથમિક શિક્ષક પણ આ બઢતી માટે હકદાર છે. તો આ બાબતનો ઝડપથી અને સુખદ ઉકેલ આવે તેવી શિક્ષકોની માંગણી છે.



નાગ પાંચમ નિમિતે ડીસા શહેરમાં ઠેર ઠેર ગોગા મહારાજના મંદિર ખાતે હવનનું ભાવિક ભક્તો દ્વારા હવન કરવામાં આવી રહ્યા છે. ત્યારે ડીસા શહેર રેલવેસ્ટેશન ધુઆ રોડ શાંતા ફાર્મ ખાતે આવેલ ગોગા મહારાજની ડેરીએ બાબુલાલ લોધા અશિયા પરિવાર દ્વારા આજ રોજ દર્શન શાસ્ત્રી દ્વારા હવન કરવામાં આવ્યો હતો. જેમાં હવનના મુખ્ય યજમાન તરીકે રમેશભાઈ ગિરધરભાઈ કાંતિલાલ અરવિંદભાઈ હરેશભાઇ તેમજ મિત્ર સર્કલના મિત્રોએ હવનમાં આહુતિ આપી દર્શનનો લાભ લીધો હતો તેમજ આવેલ મહેમાનોએ પણ દર્શન તેમજ પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# તહેવારોમાં શિક્ષક ઘરે ગયા : ચોર શિક્ષકના ઘરે મહેમાન બન્યા

ધાનેરા, તા. ૨૦

ધાનેરા તસ્કરો ફરીથી સક્રિય બન્યા છે. તહેવારોમાં શિક્ષક ઘરે ગયા હતા ત્યારે તસ્કરોએ આ



શિક્ષકના ઘરમાં હાથફેરો કરતા ચકચાર મચી જવા પામી છે. બીજી તરફ ધાનેરા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

શૈલેષભાઈ મકવાણા જે ધાનેરા વિસ્તારમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને ધાનેરામાં આવેલી અર્બુદા સોસાયટીના સામેના ભાગમાં રહે છે, શાળામાં રજા હતી અને રક્ષાબંધનનો તહેવાર હતો એટલે આ પરિવાર પોતાના વતનમા ગયા હતા ત્યારે કોઈ અજાણ્યા ઈસમોએ આ બંધ મકાનનું તાળું તોડી તેમાં પ્રવેશ્યા હતા અને મકાનમાંથી ૧ સોનાની ચેન તેમજ ૨૦ હજાર રૂપિયા રોકડાની ચોરી કરતા ચકચાર મચી ગઈ છે જયારે રજાઓ પુરી થઈ અને આ શિક્ષક વતનમાંથી પરત ફર્યા અને ઘરે આવી જોયું તો ઘરના તાળા પણ તૂટેલા હતા અને ઘરમાં સામાન વેરવિખેર પડ્યો હતો. સમગ્ર ઘટના જોઈ શિક્ષકે ધાનેરા પોલીસને જાણ કરતા ધાનેરા પોલીસે ઘટનાસ્થળે આવી પંચનામુ કર્યું હતું અને અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધી તાપસ શરુ કરી છે.

# પાલનપુર ખાતે મહેસુલી કર્મચારીઓએ કાળીપટ્ટી ધારણ કરી વિરોધ દર્શાવ્યો

પાલનપુર ખાતે મહેસુલી કર્મચારીઓ પોતાની પડતર માગણીઓને લઈ પાલનપુર કલેક્ટર કચેરી બહાર ધરણા બાદ પશ્નો અંગે રજુઆત કરવામાં આવી હતી.પરંતુ કર્મચારીઓના પ્રશ્નોનો કોઈ નિકાલ ન આવતા કલેક્ટર કચેરી બહાર એક દિવસના ધરણા




આજ રોજ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ જતાવ્યો હતો. કર્મચારીઓએ માગણી નહી સંતોષાય તો જુદા-જુદા કાર્યક્રમો કરી વિરોધ દર્શાવવાની ચીમકી ઉચ્ચારી હતી.

ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહા મંડળના આદેશથી પાલનપુર મહેસુલી કર્મચારીઓ દ્વારા અગાઉ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી પોતાના પડતર કરી સરકાર સામે બાયો ચડાવવામાં આવી હતી.

દરમિયાન, આજરોજ કર્મચારીઓ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ જતાવવામાં આવ્યો હતો.તેમ છતા જો આગામી દિવસોમાં મહેસુલી કર્મચારીના પ્રશ્નોનો કોઈ ઉકેલ નહી આવે તો મહામંડળના આદેશ મુજબના કાર્યક્રમો કરી વિરોધ નોંધાવવામાં આવશે.

### ત્રાહિમામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘણાંખરા ઠેકાણે સાંજ ઢળતા જ અંધારપટ્ટ જોવા મળે છે. શહેરમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. જયારે આ પૈકી હાલની સ્થિતિએ પણ બંધ સ્ટ્રીટ લાઈટના થાંભલાની સંખ્યા વધુ છે. જેના લીધે સેકટરવાસીઓ સાંજ ઢળતા અંધારાનો સામનો કરવો પડે છે. અંધારાની સ્થિતિમાં સેકટરોના આંતરિક માર્ગો પર રખડતા ઢોરની અડફેટે ચઢે તેવી દહેશત પણ પ્રબળ બની છે. આવી ભયજનક સ્થિતિ વચ્ચે રાત્રિના સમયે મહીલાઓ અને સિનિયર સિટીઝન્સ ઘરની બહાર નિકળવાનુ ટાળે છે. સેકટરોમાં વરસાદી દિવસોમાં આમ પણ સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. આવા સંજોગોમાં બંધ સ્ટ્રીટ લાઈટો પણ સેકટરવાસીઓ માટે મુંઝવણનુ કારણ બની છે. શહેરમાં બંધ સ્ટ્રીટ લાઈટોને રીપેર કરવા માટે તંત્ર દ્વારા ટીમો કામે લગાડવામાં આવી છે.

# રાજયમાં રોગચાળાને નિયંત્રિત કરવા પ્રોએકટિવ ભૂમિકા જરૂરી : નીતિનભાઈ

## ગાંધીનગર ખાતે વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાના નિયંત્રણ માટે જિલ્લા અધિકારીઓની સમીક્ષા બેઠક સંપન્ન

રાજયના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજયમાં ૮૬ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે ત્યારે હાલની પરિસ્થિતિમાં વાહક જન્ય અને પાણી જન્ય રોગોનું પ્રમાણ વધવાની સંભાવનાને ધ્યાને લઈને રાજ્યના આરોગ્ય અધિકારીઓ-ટીમ આરોગ્ય આ રોગોના નિયંત્રણ માટે જાગૃતતા અને સક્રિયતા સાથે પ્રોએક્ટિવ ભૂમિકા અદા કરે એ ખૂબ જ અનિવાર્ય છે.

આજે ગાંધીનગર ખાતે વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાના નિયંત્રણ માટે રાજયના આરોગ્ય અધિકારીઓ સાથે યોજાયેલી સમીક્ષા બેઠક બાદ મીડિયાને માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, રાજયમાં ચાલુ ચોમાસા દરમિયાન ભારે વરસાદ થયો છે ત્યારે આ વિસ્તારોમાં મેલરિયા, ડેન્ગ્યૂ જેવાં રોગ ન થાય અને જયાં થયો હોય ત્યાં નિયંત્રણ આવે અને નાગરિકો તેનો ભોગ ન બને તે જોવાની



જવાબદારી આપણા સૌની છે ત્યારે આ રોગોની જનજાગૃતિ માટે ટેકનોલોજીનો મહતમ ઉપયોગ તેમજ સોશિયલ મીડિયા થકી પણ જાગૃતિ કેળવવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

શ્રી પટેલે ઉમેર્યું કે, રાજયમાં મેલરિયાના કેસોમાં ગત વર્ષની સરખામણીએ જૂલાઈ-૧૯ સુધીમાં ૪૯.૪ ટકાનો ઘટાડો થયો છે. એ જ રીતે ચીકનગુનિયાના કેસોમાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે. મહાનગર પાલિકાઓમાં ક્યાંક ક્યાંક ડેન્ગ્યુના કેસ જોવા મળી રહ્યાં છે ત્યારે આ વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી ઝડપથી હાથ ધરીને દવા છંટકાવ સહિતના વિવિધ પગલાં ભરવા ભારપૂર્વક જણાવ્યું હતું. ઉપરાંત જે શહેરોમાં ભંગારના મોટા વેપારીઓ હોય તે જગ્યાએ પણ પાણીનો ભરાવો વધુ થતો હોય છે. ત્યારે તે જગ્યાઓ પર ખાસ ઝૂંબેશ હાથ ધરીને આવા સ્થળો પર દવા છાંટવાની કામગીરી વધુ વેગવાન બનાવવી જોઈએ.

ડેન્ગ્યુના કેસના ઝડપી નિદાન માટે રાજ્યમાં મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ અને જનરલ હોસ્પિટલ ખાતે ૩૬ જેટલા ડેન્ગ્યુ નિદાન કેન્દ્રો કાર્યરત છે. તે કેન્દ્રોને દ્રજી૧ પ્રકારની ડાયગ્નોસ્ટીક કીટ પણ ઉપલબ્ધ કરાવાઈ છે. રાજ્યમાં મચ્છર ઉત્પતિ અટકાવવા માટે ૨૧૦ વેક્ટર કંટ્રોલ ટીમો કાર્યરત કરાઈ છે. રાજ્યમાં હાલ સ્વાઈન ફ્લૂનો કોઈ કેસ નોંધાયો નથી છતાં સ્વાઈન ફ્લૂ માટે રાજ્ય સરકાર દ્વારા ટેસ્ટ સહિત તમામ પ્રકારની સારવાર વિનામૂલ્યે રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. આરોગ્ય કમિશનર શ્રીમતી જયંતી રવિ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને મહાનગર પાલિકાઓ તથા જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહી પરામર્શ કર્યો હતો.

# ધાનેરામાં વીજ થાંભલાઓ પર પીવીસી સુરક્ષા પાઈપો લગાડવા ધાનેરા તંત્રી સંઘની ગુજરાત વિદ્યુત બોર્ડમાં રજુઆત

ધાનેરા, તા. ૨૦

હાલ ચોમાસાની ઋતુ હોવાથી અને વારંવાર વરસાદ



પડતાં પાણી ભરાઈ જતા હોવાથી ધાનેરાના પશુઓ બાળકો તેમજ નાગરિકોની અવરજવર થતી હોય છે તેવા સમયે થાંભલા પાસેથી પસાર થતાં અથવા હાથ અડવા જતાં આકસ્મિક વીજ કરંટનો બનાવ બને તે પહેલા તંત્રી સંઘ ધાનેરા ગુજરાત વિદ્યુત બોર્ડને અરજી આપીને જાગૃત કરેલ છે. ડીસા અને પાલનપુરમાં પણ સુરક્ષા સુવિધા માટે પાઈપો લગાડવામાં આવેલ તો તાકીદે ધાનેરામાં ગુજરાત વિદ્યુત બોર્ડના લોખંડના વિજ થાંભલાથી કોઈ અકસ્માત બનાવ ન બને તે સંદર્ભે તાકીદે સુરક્ષા માટે પીવીસી પાઈપ લગાવે તેવી ગ્રામજનોની તેમજ ધાનેરા તંત્રી સંઘને વિનંતી છે.

# પાલનપુરમાં પોલીસના વાહનની અડફેટે રાહદારીને ગંભીર ઈજા



પાલનપુર

પાલનપુર શહેરના જોરાવર પેલેસમાં પોલીસની ગાડીએ રાહદારીને ટક્કર મારતા તેને પગના ભાગે ગંભીર ઈજા થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પાલનપુરના જોરાવર પેલેસમાં કલેકટર કચેરી પાસે પોલીસના સરકારી વાહનની અડફેટે ૬૫ વર્ષીય રાહદારી આવી જતા તેઓને પગના ભાગે ઈજા થઈ હતી. દરમિયાન, ઈજાગ્રસ્ત રાહદારી એવા પાલનપુરના અંબિકાનગરમાં રહેતા બાબુજી મગનજી ઠાકોર નામના પ્રૌઢને પોલીસ સારવાર માટે સિવિલમા લઈ ગઈ હતી.

### ભારતની સિદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સક્રિય કરવાથી આ સ્પેસક્રાફ્ટ ચન્દ્રની સપાટી પર પ્રવેશ કરી જતા હવે વૈજ્ઞાનિક ભારે ઉત્સાહિત છે. ચન્દ્રયાન-૨ ચન્દ્રની સપાટીમાં પ્રવેશ કરવાની સાથે જ કઠોર પરીક્ષામાંથી પસાર થનાર છે. ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરવાની સાથે સ્પેસ ક્રાફ્ટની સ્પીડ ધીમી કરવા માટે ઓનબોર્ડ પ્રોપલ્શન સિસ્ટમને ફાયર કરવામા આવનાર છે. જેથી સ્પેસક્રાફ્ટ ચનલ્દ્રના ગુરૂત્વાકર્ષણ પ્રભાવમાં આવી શકશે. તેમણે કહ્યુ હતુ કે ચન્દ્રયાન -૨ના ચન્દ્રની સપાટીમાં પ્રવેશ કરવામાં આવ્યા બાદ ઈસરો કક્ષાની અંદર સ્પેસક્રાફ્ટની દિશામાં પાંચ વખત પરિવર્તન કરશે. ૨૦, ૨૧, ૨૮, ૩૦ ઓગષ્ટ અને પહેલી સપ્ટેમ્બરના દિવસે પરિવર્તન કરવામાં આવનાર છે. ચન્દ્રયાન-૨ ખુબ મુશ્કેલ તબક્કામાંથી નિકવી જતા હવે રાહત થઈ છે. ત્યારબાદ ચન્દ્રના ધ્રુની ઉપરતી પસાર થઈને સૌથી પહેલા આશરે ૧૦૦ કિલોમીટરના અંતરના સૌથી અંતિમ કક્ષામાં પ્રવેશ કરી જશે. ત્યારબાદ વિક્રમ લેન્ડરને બીજી સપ્ટેમ્બરના દિવસે ચન્દ્રયાન-૨તી અલગ કરીને ચન્દ્રની સપાટી પર ઉતારી દેવામાં આવનાર છે. ચન્દ્રયાન-૨ સાતમી સપ્ટેમ્બરના દિવસે ચન્દ્રની સપાટી પર ઉતરે તેવી શકયતા છે. ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ ૨૨મી જુલાઈના દિવસે ચંદ્રયાન-૨ની સફળ લોન્ચિંગની સાથે જ એક નવો ઈતિહાસ રચી દીધો હતો. ચંદ્રયાન-૨ શ્રીહરિકોટાના લોંચ સ્થળથી ચંદ્ર સુધીની ત્રણ લાખ ૮૪ હજાર કિલોમીટરની યાત્રા ઉપર નિકળી ગયા બાદ ભારતની સાથે સાથે વિશ્વભરમાં ઈસરોએ પોતાનો ડંકો વધાર્યો હતો. આજે ચન્દ્રયાન-૨ ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરવાની સાથે જ ૧૩૦ કરોડ ભારતીયો લોંચની સાથે જ ગર્વથી અને ખુશીથી ઝુમી ઉઠ્યા હતા. અગાઉ ૨૨મી જુલાઈના દિવસે લોંચ બાદ ચંદ્રયાન માત્ર ૧૬ મિનિટ બાદ જ પૃથ્વીની સપાટીમાં સ્થાપિત થઈ ગયું હતું. ચંદ્રયાન-૨ને ભારતના સૌથી શક્તિશાળી રોકેટ જીએસએલવી માર્ક-૩થી લોંચ કરવામાં સફળતા મળી હતી. લોન્ચિંગ બાદ ચંદ્રયાન પૃથ્વીની સપાટીમાં પહોંચી ગયું હતું. જમીનથી ચંદ્રમા વચ્ચે સપાટી આશરે ૩ લાખ ૮૪ હજાર કિલોમીટરની છે. લોન્ચિંગ બાદ ચંદ્ર માટે લાંબી યાત્રા શરૂ થઈ હતી. ચંદ્રયાન-૨માં રહેલા લેન્ડર-વિક્રમ અને રોવર-પ્રજ્ઞાન ચંદ્ર સુધી જશે. ચંદ્રની સપાટી ઉપર ઉતરી ગયાના ચાર દિવસ પહેલા વિક્રમ ઉતરનાર જગ્યા પર પહેલા ચકાસણી કરશે. લેન્ડર યાનથી ડીબુસ્ટ થશે. વિક્રમ સપાટીની નજીક પહોંચશે. ઉતરનારની જગ્યાને સ્કેન કરવાની શરૂઆત કરશે. આ પ્રક્રિયા સફળરીતે પૂર્ણ થયા બાદ લેન્ડિંગની પ્રક્રિયા શરૂ થશે. લેન્ડિંગ બાદ લેન્ડર વિક્રમના દરવાજા ખુલી જશે અને રોવર (પ્રજ્ઞાન)ને છોડી દેવામાં આવશે. રોવરને બહાર નિકળવામાં આશરે ચાર કલાકનો સમય લાગશે. ત્યારબાદ વૈજ્ઞાનિક પરીક્ષણ માટે ચંદ્રની સપાટી ઉપર નિકળી જશે.

### ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારબાદ સિબ્બલે સુપ્રીમ કોર્ટના અધિકારીઓ સમક્ષ ચિદમ્બરમની અરજીને રજિસ્ટ્રારની સામે રજૂ કરવા માટે કહ્યું છે. સિબ્બલે સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રાર સૂર્યપ્રતાપસિંહની સાથે વાતચીત કરી હતી. તેમની સાથે પરિસ્થિતિની ચર્ચા કરી હતી. બીજી બાજુ કોંગ્રેસના એક અન્ય નેતા અને વકીલ અભિષેક મનુ સિંઘવી પણ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા અને ચર્ચા કરી હતી. અયોધ્યા મામલામાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આવી સ્થિતિમાં અન્ય જજ સમક્ષ તેમની રજૂઆત સાંભળવામાં આવનાર છે. સીબીઆઈ અને ઈડી દ્વારા ચિદમ્બરમની અરજીના આધાર પર રજૂઆત કરીને કાર્યવાહી હાથ ધરી હતી.

ચુકાદો જાહેર કરવામાં આવ્યા બાદ ચિદમ્બરમ તરફથી ઉપસ્થિત રહેલા વકીલ દાયન કૃષ્ણને ત્રણ દિવસ માટે ઓર્ડરના અમલીકરણ ઉપર સ્ટે મુકવાની માંગ કરી હતી જેના ઉપર કોર્ટે કહ્યું હતું કે, તે વિનંતી પર વિચારણા કરશે અને ત્યારબાદ આદેશ આપશે. દલીલો દરમિયાન સીબીઆઈ અને ઈડીએ ચિદમ્બરમની અરજીનો એવા આધાર પર વિરોધ કર્યો હતો કે, તેમની કસ્ટોડિયલ પુછપરછની જરૂર છે. કારણ કે તેઓ પુછપરછને ટાળી રહ્યા છે. બંને તપાસ સંસ્થાઓએ કહ્યું હતું કે, નાણામંત્રી તરીકેના તેમના ગાળા દરમિયાન એફઆઈપીબી દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

# જીવરાજ બાપુની પાલખી યાત્રામાં સાધુ સંતો સહિત હજારો સેવક જોડાયા

અમદાવાદ, તા.૨૦

જૂનાગઢના સતાધારના મહંત જીવરાજબાપુ ૯૩ વર્ષની વયે ગઈકાલે સોમવારે રાત્રે ૧૦ વાગે દેવલોક પામતાં તેમના અનુયાયી અને ભકતજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઇ હતી. જીવરાજબાપુ સતાધારના ૭માં મહંત હતા. આજે જીવરાજબાપુના પાર્થિવદેહને અંતિમ દર્શન માટે ખુલ્લો મુકાયા બાદ જીવરાજબાપુની પાલખી યાત્રા નીકળી હતી. જેમાં અનેક સાધુ-સંતો સહિત હજારોની સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. સતાધારની જગ્યામાં બાપુના અંતિમ દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભાવિકો વહેલી સવારથી જ ઉમટી પડ્યા હતા અને મોરારિ બાપુથી લઈ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જીવરાજબાપુને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. છેલ્લા થોડાક સમયથી જીવરાજ બાપુને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. આજે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ જીવરાજ બાપુને સતાધારની જગ્યામાં સમાધિ અપાશે. ગત રવિવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જીવરાજ બાપુની તબિયત પૂછી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બે વર્ષ પહેલા જીવરાજ બાપુને ન્યુમોનિયા થતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. મહંત જીવરાજ બાપુનાં નિધનનાં સમાચાર મળતાં તેમનાં સેવકો મોટી સંખ્યામાં રાત્રિથીજ સતાધાર આવી ગયા હતા. તેમને કવચિત્ આવતીકાલે બપોરે બાદ આપાગીગાની જગ્યામાં જ સમાધિ આપવામાં આવે એવી શક્યતા છે એમ જૂનાગઢનાં મેયર ધીરૂભાઈ ગોહેલે જણાવ્યું હતું. જીવરાજબાપુનો જન્મ માધવપુર (ઘેડ)નાં સરમા ગામે થયો હતો. તેઓ બાળપણમાં નાની વયથી જ સત્તાધારની જગ્યામાં આવી ગયા હતા અને વર્ષ ૧૯૮૨માં મહંત બન્યા હતા. જીવરાજબાપુ ગાયોની સેવા કરી ગૌશાળામાં જ રહેતા હતા. તેમણે ૧૯૮૨માં મહંતની ગાદી સંભાળી હતી. શ્યામજીબાપુએ તેમને મહંત બનાવ્યા હતાં. નાની ઉંમરથી તેઓ સતાધારમાં સેવા કરતા હતાં. ઉલ્લેખનીય છે કે, આપાગીગા દ્વારા સતાધારની સ્થાપના કરવામાં આવી હતી.

ત્યારબાદ સતાધારમાં તેમના શિષ્ય કરમણ બાપુ, ત્યારબાદ રામબાપુ અને તેવી જ રીતે હરીબાપુ અને ત્યારબાદ લક્ષ્મણબાપુ, પછી શ્યામજીબાપુ અને તે પછી જીવરાજબાપુએ સતાધારની જવાબદારી સંભાળી હતી., ત્યારબાદ તેમનાં શિષ્ય જગદીશબાપુ દેવ થયા બાદ હાલ લઘુમહંત તરીકે વિજયબાપુ સતાધારની જવાબદારી સંભાળી રહ્યા છે. ગુરૂ શામજીબાપુએ તેમની તિલકવિધી કરી ગુરૂ દિક્ષા તેમને મહંત તરીકે બિરાજમાન કર્યા હતા. ૩૫ વર્ષથી સતાધારની જગ્યામાં ભક્તિભાવમાં લીન રહી માનવ સેવા એ જ પ્રભુ સેવા સમજી સેવારત રહ્યા. જીવરાજબાપુ કદી ધાર્મિક રોજનીશીમાં થાકતા નહીં, ક્યારેક રાત્રે બે વાગે સુતા તો પણ સવારે ૪ વાગ્યે ઉઠી જતા. અખાડામાં જ્યાં કુંભ હોય ત્યાં રસોઇ આપવાની પરંપરા પણ તેમણે નિભાવેલી.



### ભિલોડામાં શિક્ષણાધિકારી કચેરી દ્વારા રોસ્ટર રજીસ્ટર કેમ્પ યોજાયો

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કર્મચારીઓની ભરતી પ્રક્રિયા સરળતાથી થાય અને શાળાઓમાં જાતિવાઈઝ કર્મચારીઓને ન્યાય મળે તે હેતુસર અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલના માર્ગદર્શન હેઠળ ભિલોડા તાલુકાની ૭૫થી વધુ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્ય અને વહીવટી કર્મચારીઓનો રોસ્ટર રજીસ્ટર માર્ગદર્શન કેમ્પ એન.આર.એ વિધાલય ભિલોડા ખાતે અરવલ્લી ડીઈઓ કચેરીના એજ્યુકેશન ઈન્સ્પેકટર શૈલેષભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કેમ્પમાં ડીઈઓ કચેરીના કેવલભાઈએ રોસ્ટર રજીસ્ટરની માહિતી તાલુકાના ૧૦૦થી વધુ કર્મચારીઓને પ્રોજેક્ટર દ્વારા અપાઈ હતી. આ કેમ્પમાં મેશ્વો શાળા વિકાસ સંકુલના કન્વીનર આર.સી. બરંડા, વી.ટી. ચૌહાણ, એન.ડી. પટેલ, સંદીપભાઈ, પૂર્વીસભાઈ, મોહનભાઈ ખાટ, ગજાનનભાઈ પ્રજાપતિ, આર.કે. પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### હળવા કરાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક ભાગોમાં વાહનોની અવરજવર વધી રહી છે. શ્રીનગરના નિચાણવાળા વિસ્તારોમાં તથા ખીણના અનેક વિસ્તારોમાં લોકોની હાજરી ઓછી દેખાઈ રહી છે. ખીણમાં બજારો હજુ પણ બંધ સ્થિતિમાં દેખાઈ રહ્યા છે. જાહેર પરિવહનના વાહનો માર્ગો ઉપર ઓછા દેખાઈ રહ્યા છે. મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા આંશિકરીતે સુધરી છે. લેન્ડલાઈન સેવાઓ હજુ પણ ઠપ રહી છે. પાંચમી ઓગસ્ટના દિવસે જમ્મુ કાશ્મીરને ખાસ દરજજો આપનાર કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ કઠોર નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા હતા. જો કે, હવે સ્થિતિમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. નિયંત્રણો પણ ઘટાડાયા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં સ્થિતિને હળવી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

શ્રીનગરના નિચાણવાળા વિસ્તારો અને કાશ્મીરના અન્ય વિસ્તારોમાં સ્થિતિ સામાન્ય બની રહી છે. જો કે, હજુ અજંપાભરી સ્થિતિ જોવા મળી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે કહી ચુક્યા છે કે, ધીમે ધીમે સ્થિતિમાં સુધારો થશે. જમ્મુ કાશ્મીરનો વિકાસ અને રાજ્યના લોકોની પ્રગતિ માટે સાહસી નિર્ણયો લેવામાં આવ્યા છે. જે પણ નિયંત્રણો છે તે ધીમે રહીને દૂર થશે. સાથે સાથે જમ્મુ કાશ્મીરને આપવામાં આવેલા કેન્દ્ર શાસિત પ્રદેશના દરજજાને પણ સ્થિતિ સામાન્ય બની જશે તો પરત ખેંચી લેવામાં આવશે. રાજ્યમાં લોકોની પસંદગીની સરકાર બનાવવા માટેના પ્રયાસો કરવામાં આવશે. સુરક્ષા દળો અને કેન્દ્ર સરકારની નજર જમ્મુ કાશ્મીરમાં સ્થિતિને સામાન્ય બનાવવાની છે.

### બોરીજમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબાણો દુર કર્યા બાદ પાણીના જોડાણ પણ યથાવત હોવાથી પાણીનો પણ બેફામ બગાડ થાય છે.ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાઓનો અભાવ વર્તાઈ રહ્યો છે. હજુ સુધી શહેરી ગામોમાં પાણી ગટર અને રસ્તાના કામો પુર્ણ થયા નથી. અલબત્ત શહેરી વિસ્તારના ગામોમાં હજુ પણ દુવિધાઓના લીધે સ્થાનિકો પરેશાન છે. બારીજમાં પણ વરસાદી સિઝનનમાં છેલ્લા ઘણા સમયથી ગામ વચાળે તેમજ બગીચા વિસ્તારમાં ગટરનુ દુષિત પાણી ઉભરાય છે. જેના લીધે શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ હાલાકી વેઠવી પડે છે. આ દુર્ગંધયુક્ત સ્થિતિના લીધે ગ્રામજનો તેમજ વિદ્યાર્થીઓના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. જયારે દબાણો દુર કરાયા બાદ પાણીના જોડાણ પણ હજુ યથાવત છે. જેના લીધે ગામમાં માર્ગ વચાળે પાણીનો ભરાવો થાય છે. જેના લીધે પાણીનો બગાડ પણ વધુ થાય છે. એકબાજુ શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા હજુ જટીલ છે. ત્યારે પાણીનો બગાડ અટકાવવા માટે પણ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. બીજીતરફ ગટરના દુષિત પાણીના ભરાવાથી ગમે ત્યારે રોગચાળો ફેલાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. છેલ્લા ઘણાં સમયથી દુષિત પાણી ઉભરાતા ગ્રામજનો દ્વારા આ મામલે તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧